ગાંધીનગર સમાચાર

# જીગ્નેશ મેવાણીને તંત્ર દ્વારા ટોર્ચર કરાયાના આક્ષેપો થયા

## મેવાણીએ ભાજપના કાર્યકરો દ્વારા દારુની રેલમછેલ અને પૈસાના જોરે મતો ખરીદવા સહિત સીધા આરોપ લગાવ્યા

અમદાવાદ, તા.૧૩

બનાસકાંઠા જિલ્લાની વડગામ બેઠક પરથી ભાજપની સામે વિધાનસભા ચૂંટણી લડી રહેલા દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણીને મતદાનના આગલા દિવસે આજે તંત્રના માણસો અને પોલીસ દ્વારા ટોર્ચર કરાયાના સમાચારને પગલે ફરી એકવાર ગુજરાતનું રાજકારણ ગરમાયું હતું. આવતીકાલે ગુજરાતમાં બીજા તબક્કાનું મતદાન છે ત્યારે આજે આગલા દિવસે દલિત નેતા જીગ્નેશ મેવાણીને પોલીસ દ્વારા ભારે કનડગત કરાઇ હોવાની ફરિયાદ સામે આવી હતી. જીગ્નેશ મેવાણીએ આ સમગ્ર મામલે ભાજપના કાર્યકરો દ્વારા દારૂની રેલમછેલ અને પૈસાના જોરે મતો ખરીદવા સહિતના ગંભીર આરોપ લગાવ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, વડગામ બેઠક પરથી ભાજપને હરાવવા મેદાને પડેલા દલિત યુવા નેતા જીગ્નેશ મેવાણીની ઓફિસ પર આજે વહેલી સવારથી જ પોલીસ તંત્ર દ્વારા વારેઘડીયે દરોડા પાડવામાં આવ્યા હતા અને તેમને અને તેના માણસોને ભારે હેરાન-પરેશાન કરી નંખાયા હતા. જીગ્નેશ મેવાણીની કનડગતને લઇ મતદાનના આગલા દિવસે ફરી એકવાર રાજકારણ ગરમાયું હતું.



જીગ્નેશ મેવાણીએ આ સમગ્ર મામલે ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, વહેલી સવારથી જ પોલીસ તંત્રના માણસો દ્વારા તેમની ઓફિસો પર વારેઘડીયે દરોડા પાડી ખોટી રીતે હેરાનગતિ અને કનડગત પહોંચાડાઇ રહી છે. બીજીબાજુ, ભાજપના કાર્યકરો-માણસો દારૂની રેલમછેલ ચલાવી પૈસાના જોરે મતો ખરીદવાનું ગંદુ રાજકારણ કરી રહ્યા છે. ભાજપના માણસો જીગ્નેશ મેવાણીને મત નહી આપવાના રૂ.બે હજાર અને ભાજપને મત આપવાના રૂ. પાંચ હજાર આપીને લોકોને લલચાવી રહ્યા છે. આ સમગ્ર મુદ્દે ચૂંટણી પંચ અને પોલીસ સત્તાવાળાઓ બિલકુલ મૌન સેવીને બેસી રહ્યા હોવાથી મેવાણીએ તે અંગે પણ ગંભીર સવાલ ઉઠાવ્યો હતો. જીગ્નેશ મેવાણીએ ગુજરાતની જનતાને જાગૃત બની મતદાન કરવા અપીલ કરી હતી.

# કોંગ્રેસ ઓફિસે હોબાળો થતાં પોલીસ બોલાવાઈ

## ભાજપના કાર્યકરો દ્વારા મોદીને કોંગ્રેસે કહેલા અપમાનિત ટિપ્પણીના પોસ્ટરો, પ્લેકાર્ડ સાથે ઉગ્ર વિરોધ-સૂત્રોચ્ચાર

અમદાવાદ, તા.૧૩

કોંગ્રેસની આજની પત્રકાર પરિષદ દરમ્યાન પાલડી સ્થિત કોંગ્રેસના પ્રદેશ કાર્યાલય ખાતે ભાજપના કાર્યકરોએ આવીને જોરદાર હોબાળો મચાવ્યો હતો અને આખરે કોંગ્રેસને પોલીસ બોલાવવાની ફરજ પડી હતી. આ ઘટનાને પગલે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરોમાં થોડા સમય માટે વાતાવરણ તંગ બની ગયું હતું. ભાજપના કાર્યકરો હાથમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નીચ, ઘાંચી સહિતના વિવાદીત વિશેષણોથી કોંગ્રેસના નેતાઓ દ્વારા અપમાનિત કરાયા તેના વિધાનોના પોસ્ટર અને બેનરો સાથે કોંગ્રેસની પ્રદેશ કચેરી ખાતે આજે બપોરે ૧૨-૦૦ વાગ્યાની આસપાસ આવી પહોંચ્યા હતા. ભાજપના કાર્યકરોમાં મોદીજીને કોંગ્રેસ દ્વારા કહેવાયેલા આવા નામોના પ્લેકાર્ડ અને હાથમાં ગુલાબ પણ હતા. તમામ કાર્યકરો જોરજોરથી વંદ માતરમ્, ભારત માતા કી જય સહિતના સૂત્રો અને નારા લગાવવામાં માંડયા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. ખુદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કચેરી ખાતે આવી ભાજપવાળા આવી રીતે ખુલ્લેઆમ હોબાળો મચાવી જાય તેવી દાદાગીરી જોઇ કોંગ્રેસના નેતાઓ પણ ચોંકી ગયા હતા. કોંગ્રેસના નેતાઓને આખરે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી અને આ અંગે પોલીસ ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. પોલીસે આવીને સમગ્ર મામલો થાળે પાડયો હતો. જો કે, ભાજપના કાર્યકરો દ્વારા કોંગ્રેસની કચેરીએ હોબાળો મચાવવાની ઘટનાથી ચૂંટણીના એક દિવસ પહેલાં રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો હતો. દરમ્યાન પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ ભાજપના કાર્યકરોના હોબાળાની ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી અને જણાવ્યું હતું કે, ભાજપના માણસોની આવી હલકા સ્તરની રાજનીતિ એ સ્પષ્ટ રીતે ચૂંટણી આચારસંહિતાનો ભંગ છે. કોંગ્રેસની પરંપરાનો પણ આ ભંગ છે. આ ભાજપ દ્વારા મોકલાયેલું ટોળું છે.

ભાજપે આટલી હદે નીચલા સ્તરની રાજનીતિ કરવી જોઇએ નહી. નકલી સહાનુભૂતિ મેળવવાનો ભાજપનો આ પ્રયાસ વખોડવાલાયક અને નિંદનીય છે. ગુજરાતની જનતાના મૂળ મુદ્દાઓ પરથી છટકવા માટે ભાજપ આવી હલકી રાજનીતિ કરી રહી છે. ચૂંટણીનું વાતાવરણ ડહોળવાનો ભાજપનો આ પ્રયાસ છે.

# ભાજપ સામે ફરિયાદમાં પંચ દ્વારા કેમ કાર્યવાહી થતી નથી

## ફોર બીજેપી ગુજરાત નામના ભાજપના ઓફિશીયલ પેજ પર ફેક ઓપીનીયન પોલ પ્રસિધ્ધ કરીને નિયમોનો ભંગ

ભાજપના ફોર બીજેપી ગુજરાત ઓફિશીયલ પેજ પર એકઝીટ પોલના નામે ફેક ઓપીનીયન પોલ પ્રસિધ્ધ કરી ચૂંટણી આચારસંહિતા અને લોક પ્રતિનિધિત્વ ધારાની જોગવાઈઓના ભંગ બદલ ગુજરાત કોંગ્રેસ દ્વારા ભાજપના પ્રદેશ પ્રમુખ, મીડિયા સેલના ઈન્ચાર્જ અને લીગલ સેલના ઈન્ચાર્જ સામે ગઇકાલે ચૂંટણી પંચમાં કરાયેલી ફરિયાદ પરત્વે હજુ સુધી કોઇ પગલાં નહી લેવાતાં કોંગ્રેસે ચૂંટણી પંચ પર પક્ષપાત અને ભેદભાવનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભાજપે કોંગ્રેસ સામે કરેલી ફરિયાદના કિસ્સામાં તાત્કાલિક ક્રાઈમબ્રાંચને તપાસ સોંપાઇ ગઇ અને કોંગ્રેસે ભાજપ વિરૂધ્ધ કરેલી ફરિયાદમાં કેમ કોઇ પગલાં હજુ સુધી લેવાયા નથી. આ સમગ્ર મામલામાં ભાજપના ઉપરોકત કસૂરવાર લોકો સામે તાત્કાલિક ગુનો દાખલ કરી ક્રાઈમબ્રાંચને તપાસ સોંપી નિષ્પક્ષ અને તટસ્થ કાર્યવાહી કરવા તેમણે ચૂંટણી પંચ સમક્ષ માંગણી કરી હતી. ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતા અર્જુન મોઢવાડિયાએ આજે જણાવ્યું



હતું કે, વેબસાઈટ પર ઓનલાઈન સર્વેના પરિણામનો ફોટો મૂકનાર કોંગ્રેસના રોહન ગુપ્તા વિરૂધ્ધ ભાજપ દ્વારા કરાયેલી ફરિયાદના કિસ્સામાં ચૂંટણી પંચ તાત્કાલિક હરકતમાં આવી ગયું હતું અને સમગ્ર મામલામાં ક્રાઈમબ્રાંચે પણ વિધિવત્ ફરિયાદ દાખલ કરીને તપાસ કાર્યવાહી શરૂ કરી દીધી. વાસ્તવમાં પ્રસ્તુત કિસ્સામાં આચારસંહિતાનો ભંગ થતો જ નથી કારણ કે, આચારસંહિતાની જોગવાઈ મુજબ, છેલ્લા ૪૮ કલાકમાં કોઇ એકઝીટ પોલ જારી ના કરી શકાય અને વેબસાઈટ પર ઓનલાઈન સર્વેનો રિપોર્ટ ૪૮ કલાક પહેલા મૂકાયો હતો, જેનું સર્વેનું કામ છેલ્લા બે-ત્રણ મહિનાથી ચાલતુ હતું. વળી, આ એકઝીટ પોલ ન હતો એટલે સમગ્ર મામલામાં ખોટી રીતે ફરિયાદ દાખલ કરાઇ છે અને અમે કાનૂની રીતે લડત આપીશું. દરમ્યાન મોઢવાડિયાએ એ મુદ્દે પણ ધ્યાન દોર્યું હતું કે, મતદાનના દિવસે તા.૯મી ડિસમ્બરે જ ભાજપના ઓફિશીયલ પેજ ફોર બીજેપી ગુજરાત પર એકઝીટ પોલ વાયરલ કરવા છતાં અને આ અંગે કોંગ્રેસ દ્વારા વિધિવત્ ફરિયાદ ચૂંટણી પંચને આવી હોવાછતાં આ સમગ્ર મામલામાં કોઇ આગળની કાયદેસરની કાર્યવાહી કરાઇ નથી.

# મહેસાણા એનસીપીના ૫૦૦ આગેવાનો-કાર્યકરો કોંગ્રેસમાં

## મતદાનના આગલા દિવસે મહત્વના ઘટનાક્રમથી કોંગ્રેસનુ બળ વધ્યું, મતદાનમાં ફાયદો થવા માટેની પુરી સંભાવના

અમદાવાદ, તા.૧૩

આવતીકાલે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન યોજાવા જઇ રહ્યું છે ત્યારે છેલ્લી ઘડીના એક મહત્વના ઘટનાક્રમમાં મહેસાણા એનસીપીના ૫૦૦થી વધુ આગેવાનો-કાર્યકરો આજે વિધિવત્ રીતે કોંગ્રેસમાં જોડાઇ ગયા હતા. ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા અને મહેસાણા જિલ્લા પ્રભારી ડો.હિમાંશુ પટેલ અને મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતના પ્રમુખ કિર્તીસિંહ ઝાલાના નેતૃત્વમાં એનસીપીના આગેવાનો-કાર્યકરોએ કોંગ્રેસપક્ષનો ખેસ ધારણ કરી કોંગ્રેસમાં પ્રવેશ મેળવ્યો હતો. કોંગ્રેસના નેતાઓ અને અગ્રણીઓ દ્વારા એનસીપીના કાર્યકરો-આગેવાનોને ઉમળકાભેર આવકાર અપાયો હતો. મતદાનના આગલા દિવસે જ આ મહત્વના ઘટનાક્રમથી કોંગ્રેસનું નૈતિક બળ વધ્યું છે અને તેના કારણે મતદાનમાં પણ ફાયદો થવાની શકયતાઓ વર્તાઇ રહી છે. એનસીપીના કાર્યકરોને કોંગ્રેસમાં સામેલ કરીને તેમને આવકારતાં કોંગ્રેસના પ્રવકતા ડો.હિમાંશુ પટેલે જણાવ્યું હતું કે, એનસીપી, મહેસાણાના ૫૦૦થી વધુ સક્રિય આગેવાનો અને કાર્યકરો આજે વિધિવત્ રીતે કોંગ્રેસમાં જોડાયા છે. તેઓનું કોંગ્રેસનો ખેસ પહેરાવી પક્ષમાં ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું છે. તેઓને પક્ષમાં મીઠો આવકાર અપાયો છે. એનસીપીના આગેવાનો-કાર્યકરો કોંગ્રેસમાં જોડાવાથી કોંગ્રેસનું સંગઠન અને બળ વધુ મજબૂત બનશે. તેમણે ઉમેર્યું હતું કે, રાજયમાં હાલ બેરોજગારી એ સૌથી મોટી સમસ્યા બની છે, મોંઘુ શિક્ષણ અને આરોગ્ય સેવાની સ્થિતિ પણ આવી જ કંઇક છે. ખેડૂતો-ખેતમજૂરો આર્થિક રીતે પાયમાલ થઇ ગયા છે. ભાજપે છેલ્લા ૨૨ વર્ષોમાં ગુજરાતની જનતા માટે કોઇ નક્કર કાર્યો કે લોકકલ્યાણના કામો કર્યા જ નથી અને તેથી આ વખતે નવસર્જન ગુજરાતના નારા સાથે રાજયના ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગના ન્યાય અને ખુશહાલી માટે કોંગ્રેસ પક્ષ સત્તામાં આવે છે.

# બીજા તબક્કાની ચૂંટણીને લઇ સઘન સુરક્ષા

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે.કોઇ પણ પ્રકારની હિંસાને રોકવા માટે પણ ચૂંટણી પંચે કમર કસી લીધી છે. તમામ મતદાન મથકો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવી દેવામાં આવ્યા છે. બીજા તબક્કાની ચૂંટણી પણ પ્રથમ તબક્કાની જેમ જ શાંતિપૂર્ણ બને તે માટે પગલા લેવામાં આવી ચુક્યા છે. આવતીકાલે બીજા તબક્કામાં ૧,૧૬,૪૦૪ કર્મચારીઓ સાથે ૧,૨૫,૨૭૧ કર્મયોગીઓ તેમને સોંપવામા આવેલા ફરજના સ્થળે સુરક્ષા વ્યવસ્થાની કામગીરી સંભાળશે. ચૂંટણી ફરજ પર રહેલા કર્મચારીઓ પર નજર રાખવા માટે વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી પણ તમામ જગ્યાએ કરવામાં આવી રહી છે. તમામ મતદારોને કોઇ તકલીફ ન પડે તેવી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને તેમના ફરજના સ્થળે તૈનાત કરવામા આવશે. બીજા તબક્કા માટે અન્ય રાજયોમાંથી પણ સીઆરપીએફની ટુકડી બોલાવવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારોમાં ગોઠવવા માટે ૧૨ કંપનીઓ આવી ચુકી છે. સીએપીએફ અને એસઆરપીએફની ૧૧૯ કંપનીઓ આવી પહોંચી છે. ઉત્તર પૂર્વીય રાજ્યોમાંથી એસઆરપીની ૧૭ કંપનીઓ પહોંચી ગઈ છે. બીએસએફ, સીઆરપીએફ, સીઆઈએસએફ, આઈટીબીપી, એસએસબીની ૧૦૨ કંપનીઓ ગોઠવી દેવામાં આવી છે.





સાબરકાંઠા જીલ્લામાં ચારેય વિધાનસભા બેઠકમાં સંવેદનશીલ ૨૯૧ બુથ પૈકી ૬૯ મતદાન મથક પર વેબ કાસ્ટિંગ કરવામાં આવ્યું છે જે જીલ્લા મથક હિમતનગર ખાતે દેખાશે ઉપરાંત આ વેબ કાસ્ટિંગ ગાંધીનગર અની દિલ્હીમાં દેખાશે તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી જેનું બુધવારે જીલ્લા કલેકટર પી.સ્વરૂપે રૂબરૂ નિરિક્ષણ કર્યું હતું.સાબરકાંઠા જીલ્લાની ચારેય વિધાનસભાની ચૂંટણી પૂર્વે વિધાનસભા મથકે મતદાન માટેની સામગ્રી સાથે ઈવીએમ અને વીવીપેટ પોલીંગ સ્ટાફને આપવામાં આવ્યા હતા. હિમતનગરની પોલીટેકનીક ખાતે બુધવારે સવારે કર્મચારીઓ પહોચ્યા હતા, જ્યાંથી મતદાનની સામગ્રી કર્મચારીઓને આપતા તેમણે ચકાશ્યા બાદ મતદાન મથકે પહોચ્યા હતા.

# અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને ચૂંટણીતંત્ર જિલ્લામાં નિષ્પક્ષ ચૂંટણી યોજવા સજ્જ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બીજા તબક્કાને મતદાનને આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે જિલ્લાની મોડાસા-ધનસુરા, બાયડ-માલપુર અને ભિલોડા મેઘરજ ત્રણેય બેઠકો માટે ન્યાયિક ચૂંટણી યોજવા માટે વહીવટીતંત્ર અને ચૂંટણીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જિલ્લામાં ૧૧૦૦૦ હજારથી વધુ કર્મચારીઓ અને ૫૦૦૦ હજાર સુરક્ષા કર્મચારીઓ ખડે પગે ફરજ બજાવશે.



અરવલ્લી જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો માટે ૧૪ ડિસેમ્બર ગુરુવારના રોજ યોજાનાર ચૂંટણીમાં મતદાન માટે મતદારો શાંતિપૂર્વક વાતાવરણમાં મતદાન કરી શકે અને નિષ્પક્ષ અને ન્યાયિક ચૂંટણી યોજાય તે માટે જિલ્લા ચૂંટણી પ્રસાશન અને વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી જિલ્લાની ત્રણ બેઠકો પર ૧૦૪૧ બુથ પર ૧૦૪૧ ઈવીએમ મશીનો વિવિપેટ મશીનો પહોંચાડવાની કામગીરી પૂર્ણ કરી સ્થળ પર ચુસ્ત બંદોબસ્ત સાથે પહોંચાડી દેવામાં આવ્યા હતા. સમગ્ર ચૂંટણી કામગીરીમાં ૧૧૦૦૦ હજારથી વધુ કર્મચારીઓ ખડેપગે ફરજ બજાવશે. તમામ પોલિંગ બુથ પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમાટે ૫૦૦૦થી વધુ પોલીસ તંત્ર સહીત સુરક્ષા કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. ૧૦૦ થી વધુ એસટી બસ દ્વારા ચૂંટણી સાહિત્ય પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લાની ત્રણે બેઠકો પર ઈવીએમ ખોટકાય કે ગરબડી સર્જાય તો તેને પહોંચી વળવા ચૂંટણી તંત્ર સજ્જ હોવાનું સંપર્ક સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ગુરુવારે સવારે ૮ કલાકે મતદાનની પ્રક્રિયાનો પ્રારંભ થશે. જિલ્લાના ૭૪૪૧૧૦ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

# પ્રાંતિજ-તલોદના નવ ઉમેદવારોના ભાવિ આજે ઈવીએમ મશીનમાં ફીટ થશે

પ્રાંતિજ, તા. ૧૩

બીજા તબક્કાની ચૂંટણીની આજે યોજાનાર છે. ત્યારે સાબરકાંઠાના પ્રાંતિજ-તલોદ ખાતે ચૂંટણી અધિકારી દ્વારા સંપુર્ણપણે તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.



૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી ૩૩ વિધાનસભા પ્રાંતિજ-તલોદની ચૂંટણી યોજાનાર હોઈ ચૂંટણી અધિકારી દ્વારા સંપુર્ણપણે તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. પ્રાંતિજ-તલોદમાં ભાજપ-કોંગ્રેસ અન્ય પક્ષો અપક્ષો સહિત નવ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ વખતે ભાજપ-કોંગ્રેસ સહિત અન્ય પક્ષો અપક્ષોએ પણ આ વખતે એડીચોટીનું જોર લગાવ્યું છે. તો પ્રાંતિજ-તલોદ તાલુકામાંથી ૨ લાખ ૩૭ હજાર મતદારો પોતાનું મતદાન કરશે. ચૂંટણી અધિકારી દ્વારા આ વખતે પ્રાંતિજ તલોદ તાલુકામાં કુલ-૨૯૬ બુથ ઉભા કરવામાં આવ્યાં છે. ૨૯૬ ઈવીએમ મશીન મુકવામાં આવ્યાં છે. પુલીન રીઝવર અધિકારી સ્ટાફ ૧૯૬૫ તથા કુલ-૨૫૦૦નો સ્ટાફ ખડેપગે રહશે. આ વખતે ૯૬ સંમેલન શીલ બુથો ઉપર સી.આર.પી.એફ કંપની દ્વારા બાજ નજર રાખવામાં આવશે. આવતી કાલે પ્રાંતિજ-તલોદના કુલ ૨,૩૭૦૦૦ (બે લાખ સાડત્રીસ હજાર) મતદારો મતદાન કરશે. જેમાં પુરૂષો ૧,૨૨૬૯૬ તથા મહિલાઓ-૧,૧૪૩૦૩ મતદાન કરશે. તો પ્રાંતિજ સેન્ટર ઉપરથી પ્રાંતિજ-તલોદના ૨૯૬ પુલીન બુથો ઉપર બસો ગાડીઓ ઈવીએમ મશીન સાથે કર્મચારીઓ પોલીસ ટીમ સાથે જેતે બુથ ઉપર રવાના કરવામાં આવી હતી અને આજે સવારથી સાંજના પાંચ વાગ્યા સુધી બીજા તબક્કાનું મતદાન યોજાશે.

# પ્રાંતિજ ખાતે ચૂંટણીની કામગીરીમાં જઇ રહેલ બસને અકસ્માત નડ્યો

## ચૂંટણી અધિકારી દ્વારા તાત્કાલિક રીઝવર બસમાં ઇવીએમ મશીન સહિત કર્મચારીઓને ટ્રાન્સફર કરી બુથ ઉપર રવાના કરી : અકસ્માતમાં બાઇક ઉપર જઇ રહેલ ત્રણેયને ઇજાઓ થતાં ૧૦૮ મારફ્તે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજના વદરાડ પાસે ચૂંટણીની કામગીરીમાં જઇ રહેલ બસ અને બાઈક વચ્ચે અકસ્માત થતાં બસમાં સવાર કર્મચારીઓ તથા ઈવીએમ મશીન તથા ચૂંટણી દફતરી સામગ્રી તાત્કાલિક ચૂંટણી અધિકારી દ્વારા રીઝવર બસમાં ટ્રાન્સફર કરીને બસને રવાના કરવામાં આવી હતી.

પ્રાંતિજના વદરાડ પાસે પ્રાંતિજ-તલોદની ૩૩-વિધાનસભાની ચૂંટણીમાં રોકાયેલ એસટી બસ નંબર-જી.જે.૧૮ વાય-૪૯૭૨ અને વદરાડ તરફથી આવતું બાઈક નંબર-જી.જે.નાઈન સી.સી.-૮૧૦૮ વચ્ચે અચાનક અકસ્માત થતાં અકસ્માત અંગેની જાણ ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરીને થતા તેવો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતાં તો પ્રાંતિજ પી.આઇ ચાવડા પણ પોલીસ ટીમ સાથે દોડી આવ્યાં હતા. તો ચૂંટણી અધિકારી એ.આર. ચૌધરી દ્વારા રીઝવલ બસને બોલાવી બુથ કર્મચારીઓ તથા ઈવીએમ મશીન તથા ચૂંટણીલક્ષી મટેરીયલ અન્ય બસમાં ટ્રાન્સફર કરી બસને તાત્કાલિક બુથ સુધી રવાના કરવામાં આવી હતી તો બાઈક ઉપર જઈ રહેલ ત્રણેયને ઈજાઓ થતાં તેમણે ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં અને વધુ સારવાર માટે ત્યાંથી તેમણે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યાં હતા.





## ખેડબ્રહ્મા ૨૯ વિધાનસભા પર ૩૦૮ પોલીસ સાથે ૩૩૦૦ જેટલો સ્ટાફ મતદાન કરાવશે

ખેડબ્રહ્મા ૨૯ વિધાનસભામાં સરકારી તંત્ર દ્વારા શાંતિપૂર્ણ અને વધુ મતદાન થાય તેવા આયોજન સાથે મતદાન કરાવશે. ખેડબ્રહ્મા ૨૯ વિધાનસભા ભૌગોલિક રીતે મોટી હોઈ તેમાં ૩ તાલુકાના સમાવેશ થાય છે. જેમાં ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગરનો સમાવેશ થાય છે. તાલુકાની બોર્ડર રાજસ્થાનને અડતી હોઈ અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તંત્ર દ્વારા ૧ ડી વાય એસપી, ૧ પી આઈ, ૧ પીએસઆઈ, ૧૩૫ પોલીસ, ૧૦૬ હોમગાર્ડ, ૬૪ સીઆરપીએફ તૈનાત કરવામાં આવ્યા છે. જ્યારે ૩ તાલુકાના ૩૧૪ બૂથ ઉપર ૧ પ્રાંત અધિકારી, ૪ ચૂંટણી નાયબ મામલતદાર, ૪ મતદારયાદી નાયબ મામલતદાર, સાથે ૧૮૮૪ પોલીંગ સ્ટાફમાં ૭૨૮ મહિલાઓ મતદાન કરાવશે. મતદાન માટે ૨૧ સબ સેન્ટર પોઈન્ટ, ૧૮ માઈક્રો ઓબ્જરવર, ૧૨૦ રિસાઈવિંગ ડીસ્પેચિંગ સ્ટાફને તૈયાર રાખવામાં આવ્યા છે. ખેડબ્રહ્મા વિધાનસભામાં ૩૫ બૂથને ક્રિટિકલ જાહેર કરેલ છે. જ્યારે ખેડબ્રહ્માની શેઠ કે ટી હાઈસ્કૂલમાં ૧ સખીમંડલનું બૂથ ફાળવવા આવ્યું છે. જેમાં માત્ર મહીલા સ્ટાફ દ્વારા ચૂંટણી માટે મતદાન મથકે કામ કરશે.